**અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ(અત્યાચાર) નિવારણ), અધિનિયમ, ૧૯૮૯ના અસરકારક અમલ માટે જીલ્લા, તાલુકા તથા શહેરી (મ્યુનિસિપલ વિસ્તાર માટે), તકેદારી સમિતિની રચના બાબત.**

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ),
ઠરાવ ક્રમાંક:-હસલ/૧૩૮૯/૫૦૧/હ.સેલ(૨૪),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૭-૧-૯૨

**વંચાણમાં લીધા:-**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને શિક્ષણ વિભાગનો તા.૨૮-૭-'૭૬નો પરિપત્ર ક્રમાંક:-એમબીસી/૧૦૭૬/૬૨૧૫૬/જ.

(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧-૨-૭૭નો ઠરાવ ક્રમાંક:-એસસીડબલ્યુ/૧૦૭૭/૫૫૮૦/જ.

(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૪-'૯૦નો ઠરાવ ક્રમાંક:-હસલ/૧૩૮૯/૫૦૧/હ.સેલ.

(૪) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા.૧૦-૫-૯૦નો પત્ર ક્રમાંક:-સક/સેલ/૧/૧૦૮૬ અને તા.૨૬-૬-'૯૦નો પત્ર ક્રમાંક:-સક/સેલ/૧/૯૦-૯૧/૩૨૩૩.

**ઠરાવ :-**

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની કલમ-૨૧(૨)(૪) અન્વયે આ અધિનિયમના અસરકારક અમલ માટે જીલ્લા, તાલુકા તેમજ શહેરી (મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે) તકેદારી સમિતિઓની રચનાનુ બંધારણ આમુખમાં જણાવેલ તા.૨૫-૪-'૯૦ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવમાં સુધારા કરવાનુ કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતું. કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે પ્રમાણે સુધારા કરવાનુ આથી ઠરાવવામાં આવે છે :-

(૧) તા.૨૫-૪-૯૦ના પારાગ્રાફ-૧ પછી નીચેનો પેરાગ્રાફ, પારાગ્રાફ '૨' તરીકે ઉમેરવો. તેમજ પારાગ્રાફ-૨ને પારાગ્રાફ-૩ તરીકે ગણવો.

''૨. આ ઠરાવથી નિયત કરેલા બંધારણ મુજબની જીલ્લા અને તાલુકા કક્ષાની નવી સમિતિઓની રચના કરવામાં આવે તે તારીખથી અગાઉ રચાયેલી જે તે જીલ્લા/તાલુકા તકેદારી સમિતિ રદ થયેલી ગણાશે.''

....૨....

૯૩૮

''૧૦. જામનગર અને ભાવનગર (મ્યુનિસિપલ કોર્પોરેશન), વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીની જગ્યા ન હોઇને જામનગર અને ભાવનગર (મ્યુનિસિપલ) શહેર માટેની તકેદારી સમિતિમાં અધ્યક્ષ તરીકે કલેકટરશ્રીને નીમવાનુ આથી ઠરાવવામાં આવે છે. તેમજ આ સમિતિમાં જીલ્લા પોલીસ અધિકારીશ્રીને સભ્ય તરીકે નીમવાનુ આથી ઠરાવવામાં આવે છે.''

''૧૧. તાલુકા તકેદારી સમિતિઓમાં તાલુકામાં આવેલી તમામ નગરપાલિકાઓના ચીફ ઓફીસર અને નગરપાલિકાના અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોને નિમવાનુ આથી ઠરાવવામાં આવે છે.''

૩/- જીલ્લા, તાલુકા તેમજ શહેરી તકેદારી સમિતિઓના અનુક્રમ ક્રમાંક-૧૪, ૧૧.તેમજ ૧૦ સામે ''એક મહિલા સામાજીક કાર્યકર્તા'' શબ્દને બદલે ''અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિમાંથી એક મહિલા સામાજીક કાર્યકર''એ શબ્દો વાંચવા.

૪/- તા.૨૫-૪-'૯૦ના ઠરાવમાં ''તાલુકા તકેદારી સમિતિ''એ મથાળા હેઠળના ક્રમાંક-૪માં ''તાલુકા પંચાયતના સામાજીક ન્યાય સમિતિના તમામ સભ્યો'' પછી આવતા ''અથવા''શબ્દને બદલે ''પરંતુ''શબ્દ તેમજ ક્રમાંક-૭ સામે ''પોલીસ સબ ઇન્સ્પેકટર''ને બદલે ''પોલીસ ઇન્સ્પેકટર/પોલીસ સબ ઇન્સ્પેકટર'' શબ્દો વાંચવા.

૫/- શહેરી તકેદારી સમિતિના બંધારણમાં ક્રમાંક-૯ સામે દર્શાવેલ ''જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી'' શબ્દોને બદલે ''જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી''શબ્દો વાંચવા.

૬/- તકેદારી સમિતિઓની બેઠકની કાર્યવાહી નોંધ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ તેમજ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને મોકલવાનુ આથી ઠરાવવામાં આવે છે. આ બાબતે સમિતિના સભ્ય સચિવશ્રીએ તકેદારી રાખવાની રહેશે.

....૩......

૭/- તા.૨૫-૪-૯૦ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રવાના કર્યું
તા. 10 JAN 1992

એ.પી.ભટ્ટ.
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માનનીય મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી (સ.ક.)ખાતુ), જુના સચિવાલય, ગાંધીનગર.

સર્વે કલેક્ટરશ્રીઓ(સર્વે મામલતદારશ્રીઓને પરિપત્રિત કરવા વિનતી છે.)

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત),

તકેદારી અધિકારીશ્રીઓ(અમદાવાદ, વડોદરા, રાજકોટ).

પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ઓ.૩, ન્યુમેન્ટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૧.

પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ,
(આદિજાતિ વિસ્તાર પેટા યોજના), ડાંગ(આહવા), વલસાડ,
ભરુચ, વડોદરા, ગોધરા, હિંમતનગર, પાલનપુર.

સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, વડોદરા,
ભાવનગર,

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.

પસંદગી ફાઇલ.

પટેલ/૬૧૯૨/